**વાપી મહાનગરપાલિકા- વાપી**

**૩૯૬૧૯૧, તા- વાપી, જી- વલસાડ**

(જાહેર બાંધકામ શાખા) (જાહેરનામું ૨૦૨૫-૨૬)

આથી વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં રહેતા તમામ નાગરિકોને જણાવવાનું કે વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ બલીઠા ખાતેના રેલવે અંડરપાસમાં ચોમાસાની ઋતુ દરમિયાન વરસાદ પડવાના કારણે રેલવે અંડરપાસમાં પાણીનો ભરાવો ન થાય તે હેતુસર રેલવે અંડરપાસમાં શેડ બનાવવાના કામે રૂફશીટ લગાવવાની કામગીરી આગામી તા.૦૧/૦૪/૨૦૨૬ ના રોજથી શરૂ કરવામાં આવનાર છે. જેથી જાહેર જનતાની સલામતીને ધ્યાને રાખીને બલીઠા રેલવે અંડરપાસ તા.૦૧/૦૪/૨૦૨૬ થી તા.૨૫/૦૪/૨૦૨૬ સુધી રાત્રિના ૧૧.૦૦ વાગ્યે થી સવારે ૬.૦૦ વાગ્યા સુધી બંધ રાખવામાં આવનાર છે. જે જાહેર જનતાને નોંધ લેવા વિનંતી.

-સહી-
સીટી ઇજનેર
વાપી મહાનગરપાલિકા

નં.માહિતી/વલસાડ/1027/2026

# વાપી મહાનગરપાલિકા- વાપી

**૩૯૬૧૯૧, તા- વાપી, જી- વલસાડ**

( જાહેર નોટીસ)

(ટાઉન પ્લાનીગ અને એસ્ટેટ વિભાગ)

ધી ગુજરાત પ્રોવિનીશ્યલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ-૧૯૪૯ ની કલમ ૨૬૪(૧) ની જોગવાઇઓ અનુસાર આથી જાણ કરવામાં આવે છે વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં જૂના/બિસ્માર અથવા અન્ય કોઈ કારણસર ક્ષતિગ્રસ્ત થયેલ મિલકતો બેસી જવા, તૂટી પાડવાના તેમજ અકસ્માત થવાના બનાવો ન બને તે માટે તેવી મિલકતોને જે-તે માલિક/કબજેદાર દ્વારા રીપેર કરાવી લેવા તથા ભયજનક ભાગ દૂર કરવા અંગેની જોગવાઈ છે. જેથી આવા જૂના/બિસ્માર અથવા અન્ય કોઈ કારણસર ક્ષતિગ્રસ્ત થયેલ મિલકતોને તાકીદે રીપેર કરાવી લેવા કે ભયજનક ભાગો દૂર કરવા જે-તે મિલકતદારોને જણાવવામાં આવે છે. જે ભયજનક મિલકતો દૂર કરવામાં કે રીપેર કરવામાં ન આવે અને તેના કારણે જો કોઈ જાનહાનિ કે અકસ્માત થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે -તે કબ્જેદાર/મિલકતદારની રહેશે અને મહાનગરપાલિકા દ્વારા મિલકતદારના ખર્ચે અને જોખમે આવી ભયજનક મિલકતો દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

આ ઉપરાંત જે-તે મિલકતદાર/ડેવેલોપેર્સ તરફથી જયાં ભોયરૂ ખોદીને કે પાયા ખોદીને નવા બાંધકામ કરવામાં આવે છે તેવી મિલકતોની આજુબાજુની મિલકતોની સલામતી માટે વ્યવસ્થિત રીતે ટેકા આપીને નવું બાંધકામ કરવાની સૂચના આપવામાં આવે છે.

ઉપરોક્ત સૂચનાનું જાહેર હિતમાં અમલ કરવા તમામ સંબંધિતોને જણાવવામાં આવે છે. તેમજ આ સૂચનાનો અમલ ન કરેલ હોય તેવું જણાયેથી સંબંધિતો વિરુધ્ધ વાપી મહાનગરપાલિકા તરફથી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે અંતર્ગત મિલકત સીલ કરવા, ભયજનક મિલકત ઉતારી પાડી વહીવટી ખર્ચ જે-તે મિલકતદારો પાસે વસૂલ કરવા તથા બેદરકારી બાબત પોલીસ ફરિયાદ દાખલ કરવા જેવી બાબતોનો સમાવેશ થાય છે. જેની ગંભીરતાપૂર્વક નોંધ લેવી.

નોંધ:- જે મિલકત બાબતે કોર્ટ કચેરીમાં કાર્યવાહી ચાલુ હોય અથવા મનાઈ હુકમ હોય તેવા કિસ્સામાં નામદાર કોર્ટની મંજૂરી મેળવી કામગીરી કરવાની રહેશે.

સ્થળ:- વાપી

સહી/-

તારીખ:- ૨૫/૦૩/૨૦૨૬

મ્યુનિસિપલ કમિશનર

વાપી મહાનગરપાલિકા-વાપી

નં.માહિતી/વલસાડ/1029/2026